www.kamalamgujarat.com

Wednesday
02.12.2020

✳Volume :5 ✳ Issue No. 108

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ બીએસએફના સ્થાપના દિવસ નિમિત્તે બીએસએફના જવાનોને શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બીએસએફના સ્થાપના દિવસ નિમિત્તે બીએસએફના જવાનો અને તેમના પરિવારોને શુભેચ્છા પાઠવી છે.એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે "બીએસએફના સ્થાપના દિવસ નિમિત્તે બીએસએફના જવાનો અને તેમના પરિવારોને શુભેચ્છાઓ. બીએસએફ સંસ્થાએ પોતાને એક બહાદુર દળ તરીકે અલગ પાડ્યું છે, કુદરતી આફતો સામે રાષ્ટ્રની સુરક્ષા કરવા અને નાગરિકોની સહાયની પ્રતિબદ્ધતામાં અડગ રહ્યા છે. ભારતને બીએસએફ પર ગર્વ છે!"

## પ્રધાનમંત્રીએ રાજયસભાના સાંસદ શ્રી અભય ભારદ્વાજનાં અવસાન અંગે શોક વ્યક્ત કર્યો





કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના રાજ્યસભાના સાંસદ શ્રી અભય ભારદ્વાજના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યુ છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું "ગુજરાતના રાજ્યસભાના સાંસદ શ્રી અભય ભારદ્વાજ જી એક પ્રતિષ્ઠિત વકીલ હતા અને સમાજની સેવા કરવામાં મોખરે રહ્યા હતા. દુઃખની વાત છે કે આપણે રાષ્ટ્રીય વિકાસ પ્રત્યે ઉત્સાહી અને સારી અંતર્દ્રષ્ટિ ધરાવતા વ્યક્તિને ગુમાવ્યા છે. તેમના કુટુંબ અને મિત્રો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ. "

## પ્રધાનમંત્રીએ નાગાલેન્ડના સ્થાપના દિવસ નિમિત્તે રાજયના લોકોને શુભેચ્છાઓ પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નાગાલેન્ડના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું "રાજ્યના સ્થાપના દિવસે નાગાલેન્ડની મારી બહેનો અને ભાઈઓને શુભેચ્છાઓ. નાગાલેન્ડના લોકો તેમની હિંમત અને કરુણા માટે જાણીતા છે. તેમની સંસ્કૃતિ અનુકરણીય છે અને તેથી ભારતની પ્રગતિમાં તેમનું યોગદાન છે. નાગાલેન્ડનો સતત વિકાસ થાય તે માટે પ્રાર્થના."




# મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની રાજયસભા સાંસદ સ્વ. શ્રી અભયભાઈ ભારદ્વાજને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

## પ્રખર ધારાશાસ્ત્રી ઉપરાંત દેશ–ધર્મ–સંસ્કૃતિ–સમાજ માટે પ્રતિબદ્ધ સરળ સ્વભાવના વ્યકિત–નેતા–કાર્યકર્તા આપણે ગૂમાવ્યા છે



કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યસભાના સાંસદ અને ભાજપા અગ્રણી શ્રી અભયભાઈ ભારદ્વાજના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી ભાવસભર શ્રદ્ધાંજલિ પાઠવી છે મુખ્યમંત્રીશ્રીએ સ્વ. અભયભાઈના અવસાનથી શોકમગ્ન સંવેદના સાથે તેમને ભાવાંજલિ આપતા શોક સંદેશમાં જણાવ્યું છે કે, પોતાના પરમ મિત્ર, અદના સાથી, સહકાર્યકર્તા અને તાજેતરમાં રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયેલા અભયભાઈના અવસાનથી ભાજપા અને વ્યકિતગત રીતે તેમને પોતાને અને ગુજરાતને મોટી ખોટ પડી છે શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે અભયભાઈ ખૂબ સારા ધારાશાસ્ત્રી હતા. ખાસ કરીને તેઓ લડાયક નેતૃત્વ કરવા સાથે દેશ, ધર્મ, સંસ્કૃતિ, સમાજ માટે તેમનું કમિટમેન્ટ-પ્રતિબદ્ધતા હતી. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, સ્વ. અભયભાઈ સૌને સાથે લઈને ચાલનારા સરળ સ્વભાવના વ્યકિતત્વના ધની હતા. તેમની વર્ષોથી ગ્રાસરૂટ લેવલના કાર્યકર્તાથી માંડીને રાજ્યસભાના સાંસદ તરીકેની જીવનયાત્રા રહી છે, તેનું પણ મુખ્યમંત્રીશ્રીએ સ્મરણ કર્યુ હતું.શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યુ કે, તેમના અવસાનથી સ્વ. અભયભાઈના પરિવારને મોટી ખોટ પડી છે. ભારતીય જનતા પાર્ટીએ પણ એક સંનિષ્ઠ-સારા નેતા-કાર્યકતા ગુમાવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ સ્વ. અભયભાઈ ભારદ્વાજના આત્માની પરમશાંતિની પરમાત્માને પ્રાર્થના કરવા સાથે તેમના પરિવાર પર આવી પડેલી આ કપરી વેળાને સહન કરવા પ્રભૂ હિંમત આપે દુઃખ સહન કરવાની શકિત આપે તેમ પણ શોકાંજલી સંદેશમાં જણાવ્યું હતું.

# રાજયસભાના સાંસદ અભય ભારદ્વાજનું ચેન્નાઈની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા











રીપોર્ટ - અજય ખત્રી - કચ્છ

કમલમ દૈનિક,


રાજયસભાના સાંસદ અભય ભારદ્વાજનું નિધન થયું છે. તેમની છેલ્લા કેટલાક મહિનાઓથી કોરોનાની સારવાર ચાલી રહી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રદ્ધાંજલિ પાઠવી છે. ઓગસ્ટમાં અભય ભારદ્વાજને કોરોના પોઝિટિવ આવ્યો હતો. રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ સ્થિતિ બગડતા ભારદ્વાજ માટે અમદાવાદની ટીમને રાજકોટ સિવિલ મોકલાઈ હતી. ત્યારબાદ તેમને ચેન્નાઈની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૩ મહિના કોરોના સામે લડ્યા પછી ચેન્નાઈની હોસ્પિટલમાં નિધન થયું છે. અભય ભારદ્વાજે અગ્નિકાલ ફિલ્મમાં પણ રોલ કર્યો હતો. ૧૯૭૭થી જનતા પાર્ટીથી સક્રિય રીતે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. કુરૂક્ષેત્રમાં અખિલ ભારતીય લો ડિબેટમાં ૪૧ યુનિવર્સિટીના હરીફોની વચ્ચે પ્રથમ સ્થાન મેળવ્યુ હતું. ૧૯૭૭માં જનતા પાર્ટીના શાસન વખતે ૨૩ વર્ષની વયે રાજકોટ જિલ્લા જનતાપક્ષના મંત્રી બન્યા હતા. ગુજરાત જનતા યુવા મોરચાના મહામંત્રી પણ બન્યા હતા. વકીલાત દરમિયાન ૨૧૦ જેટલા જૂનિયર હોવાનો વિક્રમ તેમના નામે હતો. શશિકાંત માળીને ફાંસીના માચડે ચડાવવામાં અભય ભારદ્વાજનો મહત્વનો રોલ હતો. રાજકોટ બાર એસો.માં પ્રમુખપદ માટે બિનહરીફ ચૂંટાઈને પ્રમુખ રહ્યા હતા. કેન્દ્રીય ઔદ્યોગિક જજોની નિમણૂક પસંદગી સમિતિના સભ્ય તરીકે સેવા આપી હતી. આફ્રિકાના યુગાન્ડામાં થયો હતો જન્મ અભયકુમાર ગણપતરામ ભારદ્વાજનો જન્મ ૨ એપ્રિલ ૧૯૫૪નાં રોજ પૂર્વ આફ્રિકાના યુગાન્ડાના જીઝા શહેરમાં થયો હતો. તેઓ નાનપણથી અભ્યાસમાં રૂચિ ધરાવતાં હતા. જેને કારણે યુગાન્ડા સરકારે તેઓને ખાસ શિષ્યવૃતિ એનાયત કરી હતી. ૧૮ વર્ષે હિન્દુસ્તાનના સૌથી યુવાન સબ એડીટર બન્યા હતાં. તેઓ મુંબઈમાં બે વર્ષ વિજ્ઞાન વિદ્યાશાખાનો અભ્યાસ કરી સંજોગોના કારણે એરોનોટીકલ એન્જિનિયરીંગ છોડી રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં અંગ્રેજી ફિલોસોફીનો અભ્યાસ કરી સ્નાતક થયા હતાં. માત્ર ૧૭ વર્ષની વયે જનસતામાં જોડાયા અને ૧૮ વર્ષે હિન્દુસ્તાનના સૌથી યુવાન સબ એડીટર બન્યા હતાં. તેઓ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંગત મિત્ર હતા અને તેઓ પરશુરામ સંસ્થાનના સ્થાપક પણ હતા. તેમના પરિવારમાંથી તેઓ અને નીતિન ભારદ્વાજ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા હતા. લો કમિશનના તેઓ સદસ્ય પણ રહી ચુક્યા છે. કોમી રમખાણો વખતે સરકાર તરફથી તેઓ ઘણા કેસ પણ લડી ચૂક્યા છે. સ્વ.ચીમનભાઈ શુકલના ભાણેજ છે. હાલ તેઓ રાજ્યના નામાંકિત ધારાશાસ્ત્રી તરીકે ઓળખ ધરાવે છે.







## ગુજરાત ભાજપના પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડયાએ રાજયસભાના સાંસદ શ્રી અભય ભારદ્વાજનાં અવસાન અંગે શોક વ્યક્ત કર્યો





કમલમ દૈનિક,

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ સ્વ.શ્રી અભયભાઈ ભારદ્વાજને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે, ભાજપના રાજયસભાના સભ્યશ્રી અભયભાઈ ભારદ્વાજના અવસાનથી હું અત્યંત દુઃખની લાગણી અનુભવું છું. પ્રજાના પ્રશ્નોને વાંચા આપનાર, ગરીબોને ન્યાય માટે લડનાર એક તેજસ્વી વકીલ ગુમાવ્યાં છે. જનસંઘ અને ભાજપની વિચારધારાને મક્કમ રીતે પ્રતિબિંબિત કરનાર એક શ્રેષ્ઠ કાર્યકર્તા ગુમાવ્યાં છે. સમાજ માટે ચિંતન કરીને સતત પ્રવાસ કરનાર એક ઉત્તમ સામાજીક આગેવાન ગુમાવ્યાં છે, પત્રકારથી શરૂ કરીને રાષ્ટ્રીય કાયદાપંચના સભ્ય તરીકેની સમગ્ર જીવનયાત્રા એક પ્રશંસનીય રહી છે. એક વિચારક, એક સામાજીક આગેવાન, એક રાજકીય આગેવાન તરીકે તેમની સક્રિયતા, તેજસ્વીતાની બહુ મોટી ખોટ પડી છે. તેમને હું હ્યદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. તેમના ભાઈશ્રી નીતિનભાઈ તથા પરીવારને ભગવાન આ આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

## ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ એ રાજયસભાના સાંસદ શ્રી અભય ભારદ્વાજનાં અવસાન અંગે શોક વ્યક્ત કર્યો

### ગુજરાતના રાજયસભાના સાંસદ, ઉત્તમ સમાજસેવક, પ્રતિષ્ઠિત વકીલ શ્રી અભયભાઈ ભારદ્વાજના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ





કમલમ દૈનિક,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ગુજરાતના રાજયસભાના સાંસદ શ્રી અભયભાઈ ભારદ્વાજના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું છે કે, આજે ગુજરાતે એક જુજારુ નેતા, ઉત્તમ સમાજસેવી વ્યક્તિને ગુમાવ્યા છે, ઈશ્વર તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. શ્રી પાટીલે જણાવ્યું હતું કે, શ્રી અભયભાઈ ભારદ્વાજની પ્રતિષ્ઠિત વકીલ તરીકેની પણ આગવી છાપ હતી, તેઓ જીવનભર લોકોની મદદ કરવામાં અગ્રેસર રહ્યા હતા, તેઓને તેમણે કરેલા સેવાકીય કાર્યો માટે હંમેશા યાદ કરાશે, શ્રી અભયભાઈ ભારદ્વાજને ભાવભીની શ્રદ્ધાંજલી.






# મંજુશ્રી કંપાઉન્ડ સ્થિત નિર્માણાધીન કિડની હોસ્પિટલનો કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે શુભારંભ

## ૪૧૮ પથારીની વ્યવસ્થા સાથેની કોરોના ડેડિકેટેડ હોસ્પિટલ દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે : નાયબ મુખ્યમંત્રી શ્રી

કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા દર્દીઓને કોઈપણ જાતની હાલાકી ભોગવવી ન પડે તે માટેના તમામ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. રાજ્ય સરકારના આ સઘન પ્રયાસોના કારણે કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા અન્ય દર્દીઓ કરતા ઓછી રહી છે. રાજ્ય સરકાર કોરોનાના વધતા જતા સંક્રમણ પર નિયંત્રણ મેળવવામાં સફળ રહી છે. તેમણે ઉમેર્યુ કે, ગુજરાતમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં કોર કમિટીનું આયોજન કરવામાં આવે છે. આ કોર કમિટીમાં સમગ્ર રાજ્યની કોરોના કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. રાજ્યમાં કોરોના સામેની લડતમાં જરૂરી તમામ વસ્તુઓ દવાઓ, કીટ, સ્ટાફ જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા પણ હાથ ધરવામાં આવે છે. શ્રી પટેલે કહ્યુ કે, તહેવારોના સમયગાળા બાદ સમગ્ર રાજ્યમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલ કોરોના ડેડિકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં

**મંજુશ્રી કંપાઉન્ડ સ્થિત નિર્માણાધીન કિડની હોસ્પિટલને ફક્ત ૬ દિવસમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારમાટે સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ કરાવવામાં આવી**

પણ કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી હતી. કોરોનાગ્રસ્ત વધતી સંખ્યાને ધ્યાને રાખીને મેડિસીટીમાં આવેલ કેન્સર, કિડની અને યુ.એન.મહેતા હોસ્પિટલને પણ કોરોના ડેડિકેટેડ હોસ્પિટલમાં પરિણમવામાં આવી હતી. તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં કોરોનાની અણધારી પરિસ્થિતિ સર્જાય ત્યારે તેની સામેની લડતના અગમચેતીના ભાગરૂપે અમદાવાદ સિવિલ મેડિસીટીની નજીક આવેલ મંજુશ્રી કંપાઉન્ડમાં નિર્માણાધીન કિડની હોસ્પિટલને પણ કોરોના ડેડિકેટેડ હોસ્પિટલમાં કાર્યરત કરવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. ફક્ત ૬ દિવસના ટૂંકા સમયગાળામાં ૪૧૮ પથારીની વ્યવસ્થા ધરાવતી કોરોના ડેડિકેટેડ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. જેના આજે કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે શુભારંભ કરાવવામાં આવ્યો છે. આ હોસ્પિટલના કાર્યરત થયા બાદ સિવિલ મેડિસીટી અને તેની નજીકની મંજુશ્રી હોસ્પિટલના કારણે કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારની વ્યવસ્થામાં વધારો થશે. મંજુશ્રી સ્થિત કોરોના ડેડિકેટેડ હોસ્પિટલનો શુભારંભ કરાવતી વેળાએ દર્દીઓની આરોગ્ય સુખાકારી માટે નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલે પ્રાર્થના કરી હતી. આ હોસ્પિટલમાં કાર્યરત ડોનિંગ, ડોફિંગ રૂમ, ૩જા તથા ૪ થા માટે કાર્યરત કોરોના વોર્ડ તેમજ સાતમાં માળે કાર્યરત આઈ.સી.યુ. વોર્ડની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેની સમીક્ષા પણ તેમણે કરી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી નિતનભાઈ પટેલે જણાવ્યુ કે મંજુશ્રી કંપાઉન્ડ સ્થિત કોરોના ડેડિકેટેડ હોસ્પિટલમાં કૂલ ૪૧૮ પથારી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં ૩૩૬ પથારીને ઓક્સિજન પાઈપલાઈન સાથે જોડવામાં આવે છે. તેમજ ૮૨ પથારી ને આઈ.સી.યુ. વેન્ટીલેટરની સુવિધા સાથે કાર્યરત કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા તાજેતરમાં પી.એમ. કેરમાંથી ગુજરાત રાજ્યને ૮૦ વેન્ટીલેટર ભેટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૫૬ વેન્ટીલેટરને મંજુશ્રી સ્થિત કોરોના હોસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે તેમ શ્રી નિતિનભાઈ પટેલે ઉમેર્યુ હતુ. રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા અમ.મ્યુ.કોર્પો દ્વારા સંકલન કરી ફાયરની એન.ઓ.સી. અને બી.યુ. પરમીશન પણ મેળવવામાં આવી છે.

અમદાવાદ સિવિલ મેડિસીટીની કોરોના ડેડિકેટેડ ૧૨૦૦ હોસ્પિટલમાં હાલ ૬૬૧ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. વધુ ૫૧૦ દર્દીઓ સારવાર મેળવી શકે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ છે.

**સિવિલ મેડિસીટી અને મંજુશ્રી સ્થિત હોસ્પિટલની કૂલ મળીને ૨૧૦૦ થી વધુ પથારી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ**

મેડિસીટી સંકુલમાં આવેલ કોરોના ડેડિકેટેડ કેન્સર હોસ્પિટલના ૧૪૫ બેડ માંથી ૨૩ પથારી હાલ કોરોના દર્દીઓ માટે ખાલી છે.જયારે કોરોના ડેડીકેટેડ કિડની હોસ્પિટલની ૧૩૫ માંથી ૬૨ અને યુ.એન. મહેતા હોસ્પિટલની ૧૭૯ માંથી ૫ પથારી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ છે. આમ સિવિલ મેડિસીટીમાં જ કૂલ ૧૭૨૦ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટેની વ્યવસ્થા માંથી ૬૦૦ જેટલી પથારી હાલની તારીખે ઉપલબ્ધ છે. તહેવારોના કારણે રાજયભરમાં વધેલા કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યાના કારણે સારવારનને લગતી ઉભી થયેલી જરૂરિયાતને રાજ્ય સરકાર દ્વારા ખુબ જ ટૂંકા સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્યના કોઈપણ નાગરિકને સારવાર મેળવવામાં તકલીફ ન પડે, કોઈપણ નાગરિકને રાજ્ય બહાર સારવાર અર્થે જવુ ન પડે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે સજ્જ છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યુ હતુ. હોસ્પિટલના શુભારંભ પ્રસંગે મહેસૂલ વિભાગના અગ્રસચિવ શ્રી પંકજકુમાર, આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડૉ.જયંતિરવિ, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાર શિવહરે, નાણા વિભાગના સતિવ શ્રી મિલિંદ તોરવણે, સિવિલ મેડિસીટીના તમામ ડાયરેક્ટર અને નિષ્ણાંત તબીબોની ઉપસ્થિતિ રહી હતી.

## મંજુશ્રીમીલ કંપાઉન્ડ સ્થિત કોરોના ડેડિકેટેડ હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ

કમલમ દૈનિક,

- રાજ્ય સરકાર દ્વારા કોરોનાની પ્રવર્તમાન સ્થિતને ધ્યાને લઈને ખૂબ જ ટૂંકા ગાળામાં મંજુશ્રી સ્થિત નિર્માણાધીન કિડની હોસ્પિટલને કોરોના ડેડિકેટેડ હોસ્પિટલ માટે કાર્યરત કરાવવામાં આવી છે. જેનો આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલ દ્વારા શુભારંભ કરાવવામાં આવ્યો છે.
- મંજુશ્રી સ્થિત કિડની હોસ્પિટલ ૩૫૦ કરોડના ખર્ચે ૧૦ લાખ ચોરીસ ફીટની જગ્યામાં નિર્માણાધીન છે.
- આ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કૂલ ૪૧૮ પથારીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાંથી ૩ જા અને ૪ થા માડે કૂલ ૩૩૬ પથારીઓ કાર્યરત કરવામાં આવી છે. જ્યારે ૭ માળે વેન્ટીલેટર સહિતના આઈ.સી.યુ. વોર્ડમાં ૮૨ પથારીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૧૫૦ જેટલા મલ્ટી પર્પસ મોનીટર કાર્યરત કરાવવામાં આવ્યા છે.
- હોસ્પિટલમાં ૨૦હજાર લીટરની પ્રવાહી ઓક્સિજનની ટેંક કાર્યરત કરવામાં આવી છે. તેમજ વધુ જથ્થાની જરૂરિયાત જણાઈ આવે તે માટે અન્ય એક ૨૦ હજાર લીટરની પ્રવાહી ઓક્સિજન ટેંકને વિકલ્પ રૂપે રાખવામાં આવી છે.
- હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ૨૮ પી.જી. તબીબો, ૬૦ જેટલા એમ.બી.બી.એસ. તબીબો, ૧૭૫ નર્સિંગ સ્ટાફ અને ૩૫૦ થી વધુ સફાઈ કામદારની નિમણૂક કરવામાં આવી છે.જેઓ કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-શુશ્રુષામાં દિવસ રાત કાર્યરત રહેશે.
- મંજુશ્રી સ્થિત કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલમાં તમામ પ્રકારની અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ હોસ્પિટલમાં ઈન હાઉસ સી-ટી સ્કેન, ડાયાલિસિસ જેવી સુવિધાઓ દર્દીઓની સુખાકારીમાં વધારો કરશે.

# ખેતીની જમીનમાં હાઈટેક નર્સરી તૈયાર કરીને શાકભાજીના રોપા તૈયાર કરી તેના વેચાણ દ્વારા આવકમાં વધારો કરી રહેલા ખેડૂત શ્રી લક્ષ્માણભાઈ ડામોર






આત્માનિર્ભરતા તરફ આગળ વધી રહેલ ખેડૂત લક્ષ્મમણભાઈ અન્યવ ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે

## આજે તેમના રોપા મહીસાગર જિલ્લાયમાં જ નહીં પણ આજુબાજુના જિલ્લાય સહિત રાજસ્થાનનના ખેડૂતો પણ લઈ જાય છે

કમલમ દૈનિક, લુણાવાડા

ખેતીવાડીમાં નવીન ખેતી પધ્ધતિઓ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી પોતાની આગવી કોઠાસૂઝથી આજે કેટલાંય ખેડૂતો આત્મનિર્ભરતા તરફ આગળ વધી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહયા છે. આવી જ કંઈક વાત છે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ઊંડાણ અને અંતરિયાળ વિસ્તારમાં આવેલા પાદેડી અડોર ગામના પ્રગતિશીલ ખેડૂત લક્ષ્મનણભાઈ ડામોરની. ખેડૂત શ્રી લક્ષ્મહણભાઈ ફાઉન્ડેશન ફોર ઈકોલોજિકલસિકયુરીટી(એફ.ઈ.એસ) સંસ્થા અને ટાટા ટ્રસ્ટની સીની સંસ્થાના સહયોગ તેમજ માહિતી અને માર્ગદર્શનમાં પોતાની ખેતીની જમીનમાં હાઈટેક નર્સરી તૈયાર કરીને શાકભાજીના રોપના વેચાણ દ્વારા પોતાની આવકમાં વધારો કરી રહયા છે. શ્રી લક્ષ્મકણભાઈએ આ અંગેની વિગતો આપતાં એક મુલાકાતમાં કહ્યું કે, તેમની નર્સરીમાં તેઓઓ રીંગણ, મરચા, ટામેટા, ફુલાવર કોબીજ જેવા શાકભાજીના રોપા તૈયાર કર્યા છે. આ રોપ તૈયાર કરવા માટે સારી જાતના બિયારણ, હાઈટેક નર્સરી માટેનું જરૂરી વાતાવરણ અને પધ્ધતિસરની માવજત જરૂરી હોવાનું કહ્યું હતું. લક્ષ્મમણભાઈએ આ હાઈટેક નર્સરી બનાવવા માટેની તમામ આવડત આણંદ એગ્રીકલ્ચર યુનિર્વસિટી, ખેતીવાડી શાખા અને એફ.ઈ.એસ. સંસ્થા દ્વારા યોજાતી તાલીમો અને પ્રેરણા પ્રવાસો દ્વારા હાંસલ કરી હોવાનું જણાવ્યું હતું. ગુજરાત સરકારના ઉપક્રમે ચાલતા સેન્ટર ફોર એકસેલન્સ ઓફ વેજીટેબલ ખાતે રાખવામાં આવેલ પ્રેરણા પ્રવાસ અને તાલીમ દરમિયાન તેઓને તંદુરસ્ત અને રોગમુકત શાકભાજીના રોપા કઈ રીતે તૈયાર કરવા તેનું તેઓએ માર્ગદર્શન મેળવ્યું હતું. શ્રી લક્ષ્મલણભાઈ શાકભાજીના રોપાની સાથોસાથ હાઈટેક પણ છે તેઓ ગુગલના માધ્યંમથી કયા બિયારણો સારા છે, બિયારણના બજાર ભાવ, નર્સરીને લગતી કોઈ નવીન પધ્ધતિ, નર્સરી માટે જરૂરી સામાનનો ભાવ અને પાક સંરક્ષણની જૈવિક પધ્ધતિઓ અંગેની જાણકારી મેળવી તેનાથી માહિતગાર પણ થતા રહે છે. જયારે તેઓ પોતાની નર્સરીની મુલાકાતે આવનાર ખેડૂતોને પણ આ અંગેની વિગતવાર માહિતી આપે છે. શ્રી લક્ષ્મ ણભાઈ આજે માત્ર મહીસાગર જિલ્લાના ગામોમાં જ નહી પણ દાહોદ, પંચમહાલ, અરવલ્લી, ભૂજ અને રાજસ્થાનના ગામોમાં રોપા પુરા પાડે છે. તેઓએ ઉગાડેલા રોપા કેવુ પરીણામ આપે છે તે રોપા લેવા આવનારને જીવંત નિદર્શન આપી શકે અને સમજાવી શકે તે માટે અલગથી શાકભાજી પ્લોટ બનાવેલ છે જેમાં તેઓ તમામ વેરાયટીના છોડનો વિકાસ, ઉત્પાદનની માહિતી આપે છે. આમાં તેમની માર્કેટીંગ કરવાની કોઠાસૂઝ જોવા મળે છે. આ ઉપરાંત તેઓ રોજીંદી શાકભાજીનું વેચાણ કરીને આવક પણ મેળવી રહ્યા છે. એફ.ઈ.એસ.સંસ્થાની કામગીરી અંગેની માહિતી આપતા સીનિયર પ્રોગ્રામ મેનેજર વિક્રમસિંહે જણાવ્યું કે સંસ્થા ભારતના ૧૦ રાજયોના ૭૮ જિલ્લામાં કાર્યરત છે. સંસ્થાનો મુખ્ય હેતુ જે તે વિસ્તારના પાણી, જમીન, જંગલ અને સામૂહિક જમીનનું સંરક્ષણ અને સંવર્ધન કરીને ટકાઉ આજીવિકા નિર્માણ કરવાનો છે આ તમામ પ્રયાસો ગ્રામ સંસ્થાઓના મજબૂતીકરણ દ્વારા થાય છે. મહીસાગર જિલ્લામાં પણ સંતરામપુર અને કડાણા તાલુકાનાં ૮૬ ગામોમાં પોતાની આસપાસના કુદરતી સંશાધનોનું રક્ષણ કરીને ખેડૂતોની આજીવિકા વૃધ્ધિ માટે કાર્યરત છે. તેમાં ગ્રામ સંગઠનો બનાવી સામૂહિક નિર્ણયો દ્વારા બિનજરૂરી રસાયણોનો ઉપયોગ ટાળી ખેતી ખર્ચમાં ઘટાડો કરી આજીવિકાને સુધારેલી ટકાઉ બનાવવા આયોજન કરવા પ્રયાસરત હોવાનું જણાવ્યું હતું. તાજેતરમાં જિલ્લાહ કલેકટર શ્રી આર.બી.બારડે પણ આ નર્સરીની મુલાકાત લઈ નર્સરીનું નિરીક્ષણ કરીને લક્ષ્મ ણભાઈને પ્રોત્સાહિત કરી એફ.ઈ.એસ. સંસ્થાની કામગીરીને બિરદાવી હતી.

# બેંકની નોકરી છોડી સરપંચ બનેલા યુવાને ગામના વિકાસને આપી નવી દિશા

## ઝાલોદ તાલુકાના કારઠ ગામનું નેતૃત્વ કરતા શ્રી હર્ષદભાઈ નાયકે રાજ્ય સરકારની યોજનાઓનો ઝડપથી અમલ કરાવી ગામના લોકોની સુવિધામાં વૃદ્ધી કરી






કમલમ દૈનિક,

ગ્રામીણ કક્ષાએ જરૂરી ભૌતિક સુવિધાઓ ઉભી કરવાના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દ્રઢ સંકલ્પ અને ગ્રામ્ય કક્ષાએ સબળ નેતૃત્વના પરિણામે વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે. આ બાબતનું ઉત્તમ ઉદાહરણ ઝાલોદ તાલુકાનું કારઠ ગામ છે. બેંકની નોકરી છોડી સરપંચ બનેલા યુવાને કારઠ ગામના વિકાસને નવી દિશા આપી છે. ઝાલોદ તાલુકામાં લીમડી નજીક આવેલા કારઠ ગામમાં પ્રવેશીએ એટલે તુરંત તમને ગામમાં થયેલા વિકાસ કામો ઉડીને આંખે વળગે છે. એટલું જ નહીં, મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતી નિમિત્તે સરકાર દ્વારા ચલાવવામાં આવતી સ્વચ્છ ભારત મુહિમનું પ્રતિબિંબ આ ગામમાં ઝીલાય છે. ગામમાં સવારના સમયે ઘરેઘરેથી કચરાનું એકત્રીકરણ થતું જોવા મળે છે. કારઠ ગામના ૭૫ ટકા વિસ્તારને આરસીસી રસ્તાથી આવરી લેવામાં આવ્યા છે. ગામમાં રસ્તા સિમેન્ટના બનતાના કારણે ગ્રામજનોને સહુલિયત ઉભી થઈ છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન પણ ગામમા ગંદકી જોવા મળતી નથી. ગામમાં પહેલા પાણી વિતરણમાં સમસ્યાઓ હતી. ગામના કેટલાક ઘરોને અપૂરતા ફોર્સથી પાણી મળતું હતું. તે સમસ્યાને ધ્યાને લઈ પાણી વિતરણની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો. ડિસ્ટ્રીબ્યુશન વાલ્વનું કેન્દ્રીકરણ કરવામાં આવ્યું. હવે માત્ર એક જ જગ્યાએથી પાણી વિતરણનું સંચાલન કરવામાં આવે છે. જેતે વિસ્તારનો વાલ્વ ખોલો એટલે પીવા માટે શુદ્ધ પાણી ઘર સુધી પહોંચી જાય છે. પંચાયતોના વિકેન્દ્રીકરણ બાદ નવેક માસ પૂર્વે સરપંચ બનેલા શ્રી હર્ષદભાઈ નાયકે નેતૃત્વ સંભાળતાની સાથે ગામના વિકાસને નવી દિશા આપી છે. તેમની વાત પણ રસપ્રદ છે. હર્ષદભાઈ પહેલા બેંકમાં નોકરી કરતા હતા. સાથે, ટેન્ટનો કારોબાર કરતા હતા. પણ, સરપંચ તરીકે ગામનો વિકાસ કરવાની તેમની પ્રબળ નેમને કારણે સહકારી બેંકની નોકરી છોડી દીધી. સરપંચ બનતાની સાથે જ હર્ષદભાઈએ ગામના યુવાનોને ધ્યાને રાખીને ગામના રમતગમતના મેદાનનો વિકાસ કરવાનું નક્કી કર્યું. ગામના પાદરમાં સરસ મજાનું મેદાન બનાવ્યું છે. આ મેદાનમાં રજાના દિવસોમાં રમતગમતનો મેળવડો જામે છે. ક્રિકેટની મેચો જામે છે. એ સિવાયની અન્ય રમતો માટે પણ યુવાનો ઉત્સાહ દાખવે છે. આના પાછળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા અભિયાન પરિબળ સમાન છે.

આટલું જ નહીં, ગામની શાળાને હર્ષદભાઈએ પોતાના ખર્ચે રંગરોગાન કરાવી ઈમારતને સુંદરતા બક્ષી છે. શાળામાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. ગામના બાળકોને ઉત્તમ વાતાવરણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે એ માટે તેઓ સતત સક્રિય છે. આંગણવાડીના બાળકો માટે પણ નવું બિલ્ડિંગ બનાવવા માટે ગ્રામ પંચાયતનું આયોજન છે. રમતગમતના મેદાન પાસે જ આવેલા સ્મશાનનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. તેની પાસે એક ચેકડેમ બનાવવામાં આવ્યો છે. સ્મશાનને અડીને સ્નાનઘાટ બનાવવામાં આવ્યો છે. હાલમાં ત્યાં ઉપવન બનાવવાની કામગીરી શરૂ છે. ફળફળાદી સહિતના રોપા વાવવામાં આવ્યા છે. માત્ર વાવીને જવાબદારી પૂર્ણ ન કરી દેતા ત્યાં ફેન્સિંગ કરવામાં આવ્યું છે. રોપાને પાણી માટે ઈરિગેશનની સુવિધા આપવામાં આવી છે. ગ્રામ પંચાયતના સભ્યો ઉપરાંત ગામના યુવાનો પણ હર્ષદભાઈ સાથે ખંભેથી ખંભા મિલાવી કામ કરે છે. કોઈને સરકારી સહાય માટે કે સુખદુ:ખના પ્રસંગે હર્ષદભાઈ તેમની સાથે ઉભા રહે છે. તેઓ કહે છે કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગામડાઓના વિકાસ માટે અનેક પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી છે. તેના કારણે ગામડાઓનો વિકાસ થઈ રહ્યો છે. આ માટે મુખ્યમંત્રીશ્રીનો આભાર માનવો ઘટે. શ્રી નાયક કહે છે નેતૃત્વ સંભાળ્યાના નવ માસમાં ગામનું બાળક ગામમાં જ શિક્ષણ મેળવે એ હેતુથી પ્રાથમિક શાળાને મોડેલ બનાવવાના લક્ષ્ય સાથે કામગીરી કરાઈ રહી છે, સ્મશાન ગૃહ અને શાળાના અદ્યતન પ્રવેશ દ્વારો અને ગાર્ડનિંગ પલાનિંગ થકી જ વિકાસ કામનો અહેસાસ થાય, કોઈ પણ કામનું આયોજન આગામી ૩૦થી ૪૦ વર્ષની જરૂરિયાતને ધ્યાને રાખી કરવામાં આવ્યું છે. ગામ માટે ખાસ વિઝન તૈયાર કરવામાં આવ્યું છે.આગામી સમયમાં કરવાના મહત્વ પૂર્ણ કામો, ગામની મૂળભૂત જરૂરિયાતો પૈકી બાકી રહેલ આખા ગામની ભૂગર્ભ ગટર, પીવાના પાણીની પાઈપ લાઈન મુખ્યમંત્રીશ્રીની નલ સે જળ યોજના અંતર્ગત પૂર્ણ કરવાનું લક્ષ્ય, બાકી રહેલા રસ્તાઓ, બાકી રહેલા સ્ટ્રીટ લાઈટોને આવરી લેવામાં આવ્યા છે. તે ઉમેરે છે, ચાલુ વર્ષે કરવાના કામોનું લક્ષ્ય જોઈએ તો સુંદરતામાં વધારો કરવા માટે ગામનો સાંસ્કૃતિક અતિસુંદર પ્રવેશ દ્વાર, મંદિર, સીસીટીવી કેમેરાઓ, પંચાયતના તમામ પ્રકારની હિસાબ કિતાબ કોમ્પ્યુટરાઈઝ કરી લાઈટ બિલ ફોન બિલ વિગેરે જેવી સુવિધાઓ, પીવાના પાણી નો સ્ત્રોત વધારવા માટે કૂવો અને મૂળભૂત જરીરીયાત પૈકીના ગટર, રસ્તા, વિગેરે પેન્ડિંગ કામોને આગળ વધારવાના કામનું આયોજન છે.











# ગુજરાતના શહેરો વિશ્વના આધુનિક શહેરોની સમકક્ષ બને તે માટે રાજ્ય સરકારે શહેરોના સર્વાંગી વિકાસ માટે પાયાની અને માળખાગત સુવિધાઓ ઉભી કરી છે : મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી

કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએવડોદરામહાનગરપાલિકા ના દ્વારા શહેરીજનોની જનસુવિધા-જનસુખાકારીમાં વધારો કરતા રૂા.૩૪૪.૪૫ કરોડના વિવિધ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-શુભારંભ કરાવ્યો મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે, ગુજરાતના શહેરો વિશ્વના આધુનિક શહેરોની સમકક્ષ બને તે માટે રાજ્ય સરકારે શહેરોના સર્વાંગી વિકાસ માટે પાયાની અને માળખાગત સુવિધાઓ વ્યાપક પ્રમાણમાં ઉભી કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, જ્યાં માનવી ત્યાં સુવિધાના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે અને શહેરોમાં લોકોને મજબૂત અને પાકા સસ્તા આવાસ,લાઈટ-પાણી સહિતની બધી જ સુવિધાઓ સરળતાથી મળે તે માટે પ્રતિબદ્ધ છે. કોરોનાના કપરાકાળમાં પણ વિકાસની ગતિ અટકી નથી અને રાજ્ય સરકારે રૂા. ૧૫ હજાર કરોડના વિકાસના કામોની ભેટ ગુજરાતની જનતાને ધરી છે એમ પણ તેમણે કહ્યું હતું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજે ગાંધીનગરથી વિધાનસભાના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીની ઉપસ્થિતિમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની જનસુખાકારી અને જનસુવિધાઓ અને પ્રાથમિક સુવિધાઓ સાથે અન્ય વિકાસના કામો તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતના રૂા. ૩૪૪.૪૫ કરોડના ખર્ચે વિવિધ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે નર્મદા વિકાસ રાજ્યમંત્રીશ્રી યોગેશભાઇ પટેલ, સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ વડોદરાથી જોડાયા હતા.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશમાં કોરોના સામે રક્ષણ માટે ઝડપથી વેક્સિન પ્રાપ્ત થાય તેવા સતત પ્રયાસો કરી રહ્યા છે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યું કે, કોરોનાના કપરા કાળમાં જનતા-જનાર્દનના સહકારથી કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં આપણે સફળ રહ્યા છીએ. કોરોના સંક્રમિતોને સારામાં સારી સારવાર મળી રહે તેની રાજ્ય સરકારે સતત ચિંતા કરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશમાં કોરોના સામે રક્ષણ માટે ઝડપથી વેક્સિન પ્રાપ્ત થાય તેવા સતત પ્રયાસો કરી રહ્યા છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યું કે, ગુજરાત પણ કોરોના વેક્સિનના અસરકારક ડીસ્ટ્રીબ્યુશન માટે ધ્યાન કેન્દ્રિત કરી જરૂરિયાતમંદો સુધી વેક્સિન પહોંચે તે દિશામાં આયોજનબધ્ધ રીતે આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં વિકાસ કામોમાં અનેક અવરોધો-રૂકાવટો આવતી હતી. પરંતુ પ્રવર્તમાન શાસનમાં પ્રજાના

## જનતા-જનાર્દનના સહકારથી કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં આપણે સફળ રહ્યા છીએ.

પરસેવાના એક એક પૈસાનો સદઉપયોગ થઈ રહ્યો છે, એટલું જ નહીં ભૂતકાળના શાસનમાં ખાતમુહૂર્તના નામે પથરા મુકાતા, પરંતુ વિકાસ કામો આગળ વધતા નહોતા.

અમારી સરકાર જે વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરે છે તેનું સમયબધ્ધ રીતે આયોજન કરી સમયમર્યાદામાં કામો પૂર્ણ કરી તેનું

## કોરોનાના કપરાકાળમાં પણ રાજય સરકારે રૂા. ૧૫ હજાર કરોડના વિકાસના કામોની ભેટ ગુજરાતની જનતાને ધરી છે.

ઉદઘાટના પણ અમે કરીએ છીએ. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડોદરા શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં મહાનગરપાલિકાએ હરણફાળ વિકાસ કર્યો છે. એટલું જ નહીં કોરોના કાળમાં પણ શહેરની વિકાસ પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવી શહેરીજનોની સુખાકારીમાં વધારો કરતા અનેકવિધ કાર્યો કરવા બદલ તેમણે મહાનગરપાલિકાની ટીમને

## ગુજરાત પણ કોરોના વેક્સિનના અસરકારક ડીસ્ટ્રીબ્યુશન માટે આયોજનબધ્ધ રીતે આગળ વધી રહ્યું છે

અભિનંદન આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સૌના સાથ સૌના વિકાસ મંત્ર સાથે માત્ર વિકાસ એજ આપણો ધ્યેય મંત્ર સાથે કામ કરવા અનુરોધ કર્યો હતો. વડોદરા શહેરમાં રૂા. ૩૪૪ કરોડના વિકાસ કામોની ભેટ મળતાં સાંસ્કૃતિક નગરી વડોદરાને નવી ઓળખ મળશે તેમ તેમણે ઉમેર્યું હતું. પ્રારંભમાં મેયર ડૉ. જિગિષાબેન શેઠે

## જ્યાં માનવી ત્યાં સુવિધાના ધ્યેય મંત્ર સાથે રાજય સરકાર આગળ વધી રહી છે.

સૌનો આવકાર કર્યો હતો. અંતમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી પી.સ્વરૂપે આભારવિધિ કરી હતી. આ અવસરે ધારાસભ્ય શ્રી શૈલેષભાઇ મહેતા, સીમાબેન મોહિલે, પૂર્વમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાલા, અગ્રણી ડૉ. વિજયભાઈ શાહ, ડેપ્યુટી મેયરશ્રી જીવરાજ ચૌહાણ, વિવિધ સમિતિના અધ્યક્ષો સહિત નગરસેવકો હાજર રહ્યા હતા..

# રાજ્ય સરકાર દ્વારા ડભોઈ - કેવડીયા રેલ પથ માટે જમીન સંપાદનની થઈ રહી છે ઝડપી કામગીરી






## જિલ્લા કલેક્ટરશ્રી એ ડભોઈ ખાતે રેલ પથ નિર્માણ ના અનુસંધાને જમીન સંપાદન અને સંલગ્ન આનુષાંગિક કામોની કરી સમીક્ષા આપી જરૂરી સૂચનાઓ.....

કમલમ દૈનિક, વડોદરા

જરૂરી જમીનના સંપાદન નું કામ મહદઅંશે પૂરું થઈ ગયું છે રેલ માર્ગ નિર્માણ નું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે : માર્ગ અને મકાન તેમજ અન્ય વિભાગો સાથે આનુષાંગિક કામો માટે સંકલન થી ઝડપી કામગીરી કરવામાં આવશે :શ્રીમતી શાલિની અગ્રવાલરાજ્ય સરકાર દ્વારા ડભોઈ થી કેવડીયા ને જોડતા રેલ માર્ગના ઝડપ થી નિર્માણ માટે જરૂરી જમીન સંપાદન ની કામગીરી ઝડપ થી કરવામાં આવી રહી છે. જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે આજે ડભોઈની મુલાકાત દરમિયાન કેવડીયા ને જોડતી આ રેલવે લાઈનના નિર્માણ ની કામગીરી ના અનુસંધાને જરૂરી જમીન સંપાદન તેમજ સ્ટેશન ના વિકાસ સાથે સંકળાયેલા અન્ય આનુષાંગિક કામોની વિગતવાર સમીક્ષા કરવાની સાથે આ સંદર્ભમાં ખૂબ બારીકાઈ સાથે નિરીક્ષણ કર્યું અને કામની પ્રગતિ અને આયોજન,સમય મર્યાદા ની જાણકારી મેળવી.બાદમાં તેમણે જણાવ્યું કે ,આ રેલ્વે લાઈનની અગત્યતા ને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારની સૂચનાઓ અને માર્ગદર્શન ને અનુસરીને જિલ્લા વહીવટી તંત્રે જરૂરી જમીનોના ત્વરિત સંપાદન દ્વારા નોંધપાત્ર યોગદાન આપ્યું છે.અત્યારે આ રેલ પથ નિર્માણ નું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. રાજ્ય સરકાર વખતોવખત તેને લગતી કામગીરી ની સમીક્ષા કરી માર્ગદર્શક સૂચનાઓ આપે છે અને તે પ્રમાણે ઝડપી કામગીરી કરવામાં આવે છે. આ કામમાં ડભોઈ થી ચાણોદ વચ્ચે રેલ માર્ગના ગેજ પરિવર્તન અને ચાણોદ થી કેવડીયા સુધી નવા રેલ માર્ગના નિર્માણ નો સમાવેશ થાય છે તેવી જાણકારી આપતાં કલેકટરશ્રી એ જણાવ્યું કે ,આ રેલ માર્ગના નિર્માણને મંજુરી આપવાની સાથે ભારત સરકારે ઘણું મોટું બજેટ ફાળવ્યું છે.વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી જમીનોના સંપાદન નું કામ મહદઅંશે પૂરું કરવામાં આવ્યું છે.હાલમાં રેલવે અને ગુજરાત સરકાર દ્વારા સંકલિત રીતે ઝડપી કામગીરી કરવામાં આવી રહી છે. તેના સંદર્ભમાં આજે રેલવે સ્ટેશન ના વિકાસ અને સાંકળતા રસ્તાઓ ની બાબતમાં માર્ગ અને મકાન સહિતના વિવિધ વિભાગો વચ્ચે જરૂરી સંકલનની આજે સૂચનાઓ આપી છે.જિલ્લા પ્રશાસન રાજ્ય સરકારની સૂચનાઓ પ્રમાણે જરૂરી સંકલન થી કામ ઝડપથી થાય એ માટે તમામ સ્તરે આવશ્યક દિશા નિર્દેશો આ રાષ્ટ્રીય અગત્યના પ્રોજેક્ટ માટે આપી રહ્યું છે.


# જિલ્લાની સખી મંડળની બહેનો દ્વારા દિવાળી તહેવાર નિમિત્તે વિવિધ ગૃહ ઉપયોગી વસ્તુઓનું વેચાણ કરાયું





કમલમ દૈનિક, ભુજ,

કોરોના કાળમાં આત્મનિર્ભર ભારત અભિયાન લોન્ચિંગ સાથે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા "વોકલ ફોર લોકલ"ની અપીલ સાથે સ્થાનિક અર્થવ્યવસ્થા ને ગતિ આપવાની હિમાયત કરવામાં આવી હતી. જેના પડઘા ગુજરાતના કચ્છ જિલ્લાના છેવાડે સુધી પડ્યા છે. કચ્છ જિલ્લામાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી અતર્ગત રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના હેઠળ જોડાઈ કામ કરતાં કચ્છ જિલ્લાના ૨૯૩ જેટલા સખી મંડળના બહેનો દ્વારા દિવાળી તહેવારને અનુલક્ષીને વિવિધ ગૃહ સુશોભનની વસ્તુઓ, હેન્ડીક્રાફટ આઈટમ, વિવિધ પ્રકારના દીવડા તેમજ મીઠાઈ અને ફરસાણ બનાવી રૂ. ૭,૫૩,૦૦૦ થી વધારેનું વેચાણ કરવામાં આવ્યું હતું. કોરોના જેવી પરિસ્થિતિમાં લોકો બહારનું ખાવાનું ટાળી સખી મંડળના બહેનો દ્વારા બનાવવામાં આવેલ શુદ્ધ મીઠાઈ અને ફરસાણને પસંદ કરેલ જેથી ગ્રામ્ય વિસ્તારની બહેનોને સારી એવી આજીવિકા ઉભી થયેલ છે. આમ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના સાથે જોડાઈ કેશ ક્રેડીટ હેઠળ નાણાકીય સગવડ મેળવી બહેનો દ્વારા સમુહમાં ગૃહ ઉદ્યોગ શરૂ કરવામાં આવે છે અને સ્વ ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ કરીને આજીવિકા મેળવી શક્યા છે.





# એક પંથ દો કાજ: અંકોડિયા ગ્રામ પંચાયત સુરક્ષાના સર્વેલન્સ માટે સ્થાપિત કરેલા સીસી ટીવી નેટવર્ક દ્વારા કોરોના ગાઈડ લાઈનના પાલન પર નજર રાખે છે

## માસ્ક વગર ફરનારા અને ટોળે વળનારા ગ્રામજનો ને પહેલા ચેતવણી અપાય છે અને પછી દંડ ફટકારાય છે.

કમલમ દૈનિક, વડોદરા

એક પંથ દો કાજ અથવા એક તીર બે નિશાન ની ઉકિત જાણીતી છે.વડોદરાની લગભગ ભાગોળે આવેલા પ્રગતિશીલ અંકોડિયા એ આ ઉકિત સાર્થક કરી કોરોના ગાઈડ લાઈન ના પાલનની નવી દિશા બતાવી છે. આ ગામની વિવિધ જગ્યાઓએ ગ્રામ પંચાયત દ્વારા સુરક્ષાની કાળજી લેવા અને ચોરી સામે તકેદારી રાખવા ૨૬ સીસી ટીવી કેમેરાનું નેટવર્ક કાર્યરત કરવામાં આવ્યું છે. કોરોના કાળમાં આ ગામના સરપંચ અને પંચાયતે આ નેટવર્ક નો ઉપયોગ માસ્ક પહેરવા સહિતની કોરોના અટકાવતી વિવિધ ગાઈડ લાઈનો ના ગ્રામલોકો દ્વારા પાલનની તકેદારી લેવા માટે શરૂ કર્યો છે. આવા નેટવર્ક રાજયના ઘણાં ગામોમાં સ્થાપિત છે ત્યારે અંકોડિયા એ કોરોના સરવેલન્સ માટે તેના ઉપયોગની નવી દિશા ચીંધી છે.અમારું સીસી ટીવી કેમેરા નેટવર્ક કોવિડ ગાઈડ લાઈન નું પાલન કરાવવામાં વરદાન રૂપ બન્યું છે એવી લાગણી વ્યક્ત કરતાં ગામ સરપંચેજણાવ્યું કે અમારો મૂળ આશય તો ચોરી અટકાવવા માટે નજર રાખવાનો હતો.પણ હાલમાં તેની મદદ થી ગામમાં માસ્ક પહેર્યા વગર કોણ ફરે છે,ક્યાં લોકો ટોળે વળીને સોશીયલ ડિસ્ટન્સ નો ભંગ કરે છે તેના પર નજર રાખવા પણ થઈ રહ્યો છે.માસ્ક વગર ફરનારાઓને પહેલીવાર ચેતવણી આપવામાં આવે છે અને છતાંય તેનું પુનરાવર્તન થાય તો દંડ ફટકારવામાં આવે છે. ટોળા એકત્ર થયેલા જણાય તો તેમને પણ વિખરાય જવા સૂચના આપવામાં આવે છે.પાણીનો બગાડ કરનારાઓને પણ આ નેટવર્ક ની મદદ થી પહેલીવાર ચેતવણી પછી ઉત્તરોત્તર વધુ ને વધુ દંડ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે દંડ ભરવામાં આનાકાની નો પણ સવાલ નથી. આવા લોકોની દંડની પાવતી ફાડીને તેમના વેરાની રકમમાં ઉમેરી દેવામાં આવે છે.આ નેટવર્ક સાથે પ્રત્યેક કેમેરા ના સ્થળે જાહેર પ્રસારણ ની સુવિધા છે એટલે ભંગ થવાના પ્રસંગે તરત ચેતવણી આપી શકાય છે.પંચાયત દંડનું રજીસ્ટર પણ જાળવે છે. પંચાયત દ્વારા ગામલોકોને સતત માસ્ક પહેરવા,સામાજિક દૂરી પાળવા અને ઘરના વડીલો તથા બાળકોની ખાસ કાળજી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. કોરોના એક અણધારી આફત છે.તેનો મુકાબલો સરકારની મદદ ઉપરાંત પોતાના સાધન સ્ત્રોતો દ્વારા કરવાની કોઠાસૂઝ સહુ જુદી જુદી રીતે દર્શાવી રહ્યાં છે જેનો એક નવો આયામ અંકોડિયા ગ્રામ પંચાયતે ઉજાગર કર્યો છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028